# બનાવટી તસ્બીહ

લેખકઃ ઉઝૈર શમ્સ, મક્કા



**ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર - કચ્છ**
હોટલ નુરાની પાસે, ડાંડા બજાર, ભુજ - કચ્છ.
M : 84017 86172 - www.iickutch.blogspot.in

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# બનાવટી તસ્બીહ

### ઉઝૈર શમ્સ, મક્કા

તસ્બીહથી બધા જ લોકો માહિતગાર છે. આ દોરામાં પરોવાયેલા મણકા હોય છે જે જુદી-જુદી વસ્તુઓથી તૈયાર કરવામાં આવે છે. સૂફી આલિમો અને સામાન્ય લોકો એટલી વધુ સંખ્યામાં તેનો ઉપયોગ અને ઝિક્ર અઝકાર (અલ્લાહની યાદ) માટે તેનો સહારો લે છે કે ઘણાખરા લોકોને તે વિશેની શરીઅત માન્ય યોગ્યતા સંબંધી વાતચીત આશ્ચર્યજનક લાગે છે. લોકો તેનાથી ખૂબ જ પ્રભાવિત હોવાના લીધે સમજી બેઠા છે કે ઝિક્ર અઝકારનો સુન્નત માન્ય આ જ એક તરીકો છે. અને જયારે બુઝુર્ગો, મોટાઓને તેના ઉપર અમલ કરતો જુએ છે તો સમજે છે કે આ કાર્ય સુન્નત વિરૂદ્ધ કેવી રીતે હોઇ શકે છે ? અફસોસ તો એ વાતનો છે કે અમુક આલિમોએ પણ અમુક પત્રિકાઓ લખી તેને શરીઅત માન્ય સાબિત કરવાની કોશિષ કરી છે. આ લેખમાં અમે

ઝિક્ર અઝકાર અને તેને ગણવા માટેનો સુન્નત તરીકો શું છે તેના ઉપર પ્રકાશ પાડશું. તેમજ બનાવટી તસ્બીહ કયારથી અને કેવી રીતે પ્રચલિત થઇ તે પણ માહિતી આપશું તેમજ હદીષની જે રિવાયતોમાં તસ્બીહના દાણાઓ અથવા કાકરીઓ તેમજ ગોટલીઓ ઉપર ગણવાનો વર્ણન છે તે રિવાયતો મુહદ્દેસીની નજીક કયા દરજજાની છે અને શું તેનાથી તસ્બીહ યોગ્ય હોવાની દલીલ લઇ શકાય તે પણ માહિતી આપીશું.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અલઆસ રઝિઅલ્લાહુ અન્હુનું વર્ણન છે કે મેં રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમને પોતાના જમણા હાથ ઉપર સુબ્હાનઅલ્લાહ ગણતા જોયા. (અબૂદાઉદ, તિર્મિઝી, નસઇ, મુસ્નદ અહમદ, ઇબ્નેહિબ્બાન હદીષ નં. ૨૩૩૪, મુસ્તદરક હાકિમ, બયહકી વગેરેમાં સહીહ સનદ સાથે વર્ણન થઇ છે.)

આ તો થયું રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમનું પોતાનું અમલ હવે આવો આપણે જોઇએ કે નબી સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ બીજાઓને શું તાલીમ આપી છે. એક સહાબિય્યહ યસ્રહ બિન્તે યાસિર

રઝિયલ્લાહુ અન્હા બયાન કરે છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું એ મુસ્લિમ બાનુઓ તમે તસ્બીહ, તહલીલ, તકદીસ કરતી રહો તેનાથી ગાફેલ ન થાઓ નહીં તો અલ્લાહની રહેમતથી દૂર રહેશો અને આંગળીઓ ઉપર ગણતી રહેજો કેમ કે કયામતના દિવસે (આંગળીઓથી) પૂછવામાં આવશે તો તે ગવાહી આપશે. (મુસ્નદ અહમદ, અબૂદાઉદ, તિર્મિઝીથી વર્ણન થયેલી આ હદીષ હસન દરજ્જાની છે.) તેમજ ઈમામ હાકિમ અને ઝહબી રહ. એ તેને સહીહ કહ્યું છે.

આ બન્ને હદીષોથી સાફ જણાઈ આવે છે કે ઝિક્ર અઝકારનો સુન્નત માન્ય તરીકો એ જ છે કે તેને આંગળીઓના કાપા, પોરા ઉપર ગણવામાં આવે. અમુક લોકોએ અમુક હદીષોથી રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમના યુગમાં કાંકરીઓ, ગોટલીઓ ઉપર તસ્બીહ ગણવાનું ઉચિત હોવાની કોશિષ કરી છે પરંતુ અફસોસ સાથે લખવું પડે છે કે આ માંહેની એક પણ હદીષ સાચી સાબિત થતી નથી. તે બધી જ હદીષો બનાવટી, ઉપજાવી કાઢેલી તેમજ સખત ઝઈફ છે. ટૂંકમાં તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) અબુહુરૈરહ રઝિયલ્લાહુ અન્હુથી વર્ણન છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ કાંકરીઓ ઉપર તસ્બીહ ગણતા હતા. આ હદીષ સહમીની તારીખે હરજાનમાં વર્ણન થઈ છે જે બિલકુલ જૂઠી અને ઉપજાવી કાઢેલી હદીષ છે. આ હદીષની સનદમાં એક બયાન કરતા અબ્દુલ્લાહ બિન મુહમ્મદ રબીઅહ છે તેને ઈબ્નેઅદી, દારકુતની, ઈબ્નેહિબ્બાન અને ઝહબી વગેરેએ ઝઈફ ગણ્યો છે.

(૨) હઝરત સફિય્યહ રઝિયલ્લાહુ અન્હુ વર્ણન કરે છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ મારી પાસે આવ્યા. તે સમયે મારી સામે ચાર હજાર ગોટલીઓ પડી હતી. જેના ઉપર હું તસ્બીહ ગણી રહી હતી. નબી સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું આ શું છે ? મેં કહ્યું હું તેમના ઉપર તસ્બીહ ગણી રહી છું નબી સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું, અત્યારે જયારે હું તમારી સામે અહીં ઊભો થયો તે દરમિયાન તમારાથી વધારે તસ્બીહ પઢી ચૂકયો છું. મેં કહ્યું હે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ મને પણ શીખવાડી દો. નબી સલ્લલ્લાહુ અલયહી વ

સલ્લમએ ફરમાવ્યું કહો, સુબ્હાનલ્લાહિ અદદ મા ખલક મિન શૈઈન, અર્થાત્ : સમગ્ર સૃષ્ટિઓ બરાબર સુબ્હાનલ્લાહ. આ હદીષ તિર્મિઝી, મુસ્નદ અબૂયઅલા મુસ્તદરક હાકિમ વગેરેમાં વર્ણન થઇ છે પરંતુ આ હદીષ સહીહ નથી. હાફિઝ ઇબ્ને હજર એ તકરીબુત્તહઝીબમા તેને ઝઇફ કહી છે.

(૩) સઅદ બિન અબી વકકાસ રઝિયલ્લાહુ અન્હુ વર્ણન કરે છે કે તેઓ રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ સાથે એક ઔરત પાસે આવ્યા તેની સામે ગોટલીઓ અથવા કાંકરીઓ હતી. જેના ઉપર તે તસ્બીહ ગણી રહી હતી. નબી સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું શું હું તમને આનાથી સરળ અને બહેતર તરીકો ન બતાવી દઉં? તે એ છે કે સુબ્હાનલ્લાહી અદદ મા ખલક ફિસ્સમાઇ વ સુબ્હાનલ્લાહી અદદમા ખલક ફિલ અર્ઝી વ સુબ્હાનલ્લાહી અદદ માબૈન ઝાલિક વ સુબ્હાનલ્લાહી અદદ માહુવ ખાલિકુન વલ્લાહુ અકબર મિસ્લુ ઝાલિક વલ્હમ્દુ લિલ્લાહિ મિસ્લુ ઝાલિક વલાહોલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિ મિસ્લુ ઝાલિક.

આ હદીષ અબૂદાઉદ વગેરેમાં વર્ણન થઇ છે.

પરંતુ તેની સનદમાં એક વર્ણન કરતા ખુઝૈમહ છે જે મજહુલ (જેને કોઈ જાણતું ન હોય) છે. તેમજ આની બીજી સનદમાં બીજું વર્ણન કરતા સઈદ બિન અબી હિલાલ છે જે સાચો હોવા છતાં તેના ઉપર હદીષ બયાન કરવામાં ગરબડ અને ભેળસેળ કરવાનો આરોપ છે.

આ બધા સંશોધનથી જાહેર થાય છે કે નબી સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમના યુગમાં કાંકરીઓ ઉપર તસ્બીહ ગણવા સંબંધી જેટલી હદીષો વર્ણન થઈ છે તે બધી જ ઝઈફ છે.

બનાવટી તસ્બીહના સંબંધે એક બીજી હદીષ પણ રજૂ કરવામાં આવે છે. આવો તેની પણ સ્પષ્ટતા કરી લઈએ.

દૈલમીએ મુસ્નદ અલ્ફિરદૌસમાં હઝરત અલી રઝિયલ્લાહુ અન્હુથી એક રિવાયત વર્ણન કરી છે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું અર્થાત્ઃ તસ્બીહ અલ્લાહને યાદ કરવાનો શ્રેષ્ઠ સાધન છે. આ હદીષમાં તસ્બીહ માટે સુબ્હહ શબ્દ વપરાયો છે. જે અરબી ભાષામાં સામાન્ય રીતે બનાવટી તસ્બીહના અર્થ સમાન છે. જેથી આ હદીષથી લોકોએ બનાવટી

તસ્બીહની યોગ્યતાની દલીલ લીધી છે પરંતુ આ હદીષની સનદમાં ઘણાખરા રાવીઓ (વર્ણનકર્તાઓ) ને કોઇ જાણતું નથી, તેમજ એક રાવી મુહમ્મદ બિન હારૂન ખોટી હદીષો બનાવનાર અને જૂઠો વ્યકિત છે જેવું કે ખતીબ બગદાદી રહ. એ તારીખે બગદાદમાં અને ઈબ્ને આકિરએ તારીખે દમિશ્કમાં લખ્યું છે. અલ્લામહ અલ્બાનીએ સિલ્સિલતુલ અહાદિસિઝઝઈફહ વલ-મૌઝુઅહમાં હદષી નં. ૮૩ માં તેનું વર્ણન કરેલ છે.

નબવી યુગ પછી જે સહાબીઓ અને તાબેઇનથી બનાવટી તસ્બીહનો ઉપયોગ વર્ણન કરવામાં આવે છે તેમના માંથી પણ સાચી સનદ સાથે તેનો સબૂત નથી મળતો. હિલ્યતુલ ઔલિયામાં અબૂનઈમે હઝરત અબૂહુરૈરહ રઝિયલ્લાહુ અન્હુથી નકલ કર્યું છે કે તેમના પાસે એક કાળી દોરી હતી જેમાં એક હજાર ગાંઠો હતી અને તેઓ તેના ઉપર તસ્બીહ ગણ્યા પહેલા સૂતા ન હતા. પરંતુ આ રિવાયતની સનદમાં પણ એક રાવી નઈમ મુહર્રરનો કોઇ અહેવાલ મળતો નથી. તેવી જ રીતે ફાતિમા બિન્તે હુસૈન બિન અલીથી તબકાત ઈબ્ને સઅદમાં નકલ થયેલ છે કે તેણી એક એવી દોરી ઉપર

તસ્બીહ ગણતા હતા કે જેમાં ગાંઠો હતી. આ હદીષની સનદમાં એક ઝઈફ રાવી અને એક અહેવાલ વગરની સ્ત્રી છે.

મુસન્નફ ઈબ્ને અબી શૈબહમાં હદીષ નં. ૭૬૭૦માં ઈમામ ઈબ્રાહીમ નખઈથી વર્ણન છે કે તેઓ પોતાની બેટીને તસ્બીહ બનાવવા માટે દોરીઓ વણવા અને આ સંબંધે બીજી સ્ત્રીઓની મદદ કરવાથી રોકતા હતા. ઈમામ નખઈની વફાત સને ૯૬ હિજરીમાં થઈ. તેનાથી જાહેર થાય છે કે બનાવટી તસ્બીહનો રિવાજ પહેલી સદીના અંતમાં થયો હશે. અને જાહેર છે કે જયારે અરબોને ત્યાં અજ્ઞાનકાળમાં પછી મુસ્લિમોને ત્યાં પહેલી સદીના અંત સુધી તેનો રિવાજ ન હતો તો તેને બિનઈસ્લામી જ કહેવામાં આવશે. હવે આપણે એ જોવું જોઈએ કે મુસ્લિમોએ તેને કયાંથી ગ્રહણ કરી.

અગર હિન્દુસ્તાનની પ્રાચીન, ધાર્મિક, તવારીખનો અધ્યયન કરવામાં આવે તો જણાશે કે હિન્દુ ધર્મમાં માળાઓ જપવાની પરંપરા ખૂબ જ પ્રાચીન છે. હિન્દુ ધર્મના શિવ અને વૈષ્ણવ સંપ્રદાયમાં માળાઓના મણકાની સંખ્યાઓ અલગ-અલગ હતી બધા જ સાધુ

સંતો ઝિક્ર અઝકાર (સ્તુતિ અને સ્મરણ) માટે તેનો સહારો લેતા હતા અને આજ સુધી આ પરંપરા ચાલુ છે. હિન્દુ ધર્મથી તેને બૂદ્ધિસ્ટોએ ગ્રહણ કરી બૌદ્ધ ધર્મના બન્ને સંપ્રદાયો મહાયાના અને હનાયાનામ એશિયાના ઉત્તર અને દક્ષિણ દેશોમાં જયાં જયાં પણ પહોંચ્યા પોતાની સાથે માળાઓ જપવાની પ્રણાલિકા પણ સાથે લેતા ગયા. તેમનાથી જ તેને ક્રિશ્ચિયનોએ લીધી. તેથી તેમના રાહીબોમાં તેનો રિવાજ સામાન્ય થઇ ગયો. પહેલી સદી હિજરીના અંત સુધી જયારે જુદી-જુદી સંસ્કૃતિ અને જુદા-જુદા ધર્મના માનનારા દેશો ઈસ્લામના વિજય વડે ઈસ્લામ હેઠળ આવ્યા તો તે દેશોના રહેનારાઓ પોતાના બધા જ રિવાજો-કુરિવાજો અને ધાર્મિક તથા સામાજિક શૈલીઓ પણ એકસાથે ન ભૂલાવી શકયા બલ્કે તેમાની ઘણી વાતો બહેતર સમજી મુસલમાન થયા પછી પણ અખત્યાર કરતા રહ્યા. આવી રીતે મુસ્લિમોની અંદર ઘણા એવા વિચારો અને કલ્પનાઓનો રિવાજ થયો જેમનો ઈસ્લામથી દૂરનો પણ સંબંધ નથી. ઈબાદતના સિલસિલામાં બનાવટી તસ્બીહ બનાવવાનો ખ્યાલ પણ એમાંથી જ એક છે. આ જાતની

માળાઓ હિન્દુ, બુદ્ધિસ્ટ અને ક્રિશ્ચિયન તેમજ ધર્મના વડાઓ સામાન્ય રીતે ઉપયોગ કરતા હતા. તેથી મુસલમાનોની અંદર પણ સૂફીવાદથી પ્રભાવિત લોકોએ તેને પસંદગીની નજરે જોયું અને બનાવટી તસ્બીહને રિવાજ આપ્યો. પછી અમુક સદીઓની અંદર તેની એવી તો જાહેરાત થઈ કે લગભગ બધા જ તેમાં સપડાઈ ગયા. તરેહ તરેહની તસ્બીહો બનાવવામાં આવી, તેના ફાયદાઓ અને ઉપયોગ તેમજ તેમની બાબત તરેહ તરેહની કરામત બયાન કરવામાં આવી. અમુક લોકો તેને ગળામાં લટકાવી રાખવાનો રિવાજ આપ્યો. કોઈએ તેને સુરક્ષા ખાતર પોતાના ગળામાં ટીંગાડી રાખવાનો રિવાજ આપ્યો. અને કોઈએ તેની સાર-સંભાળ માટે ખાસ પ્રકારની પેટીઓ બનાવી. મતલબ એ કે સૂફીઓએ ખાસ અને આમ લોકોની અંદર તેને ખૂબ ફેલાવ્યો. અમુક લોકોએ બનાવટી તસ્બીહની ઉચિતતા માટે તે હદીષ અને સહાબીઓના અમલથી દલીલ લીધી છે જેમાં કાંકરીઓ અને ગોટલીઓ પર તસ્બીહ ગણવાનું વર્ણન છે. તેઓ કહે છે કે તેમાં અને તસ્બીહના મણકાઓમાં એટલો જ ફરક છે કે તેમને દોરીમાં પરોવી દેવામાં આવ્યા

છે. આવો આપણે આ હદીષો અને અમલો ઉપર એક ઉડતી નજર નાખી લઈએ. શરૂઆતમાં અમે હદીષોની તહેકિક (સંશોધન) કરી ચૂકયા છીએ અને બતાવી ચૂકયા છીએ કે તેમાંથી કોઈપણ હદીષ સાબિત થતી નથી. હવે સહાબીઓ તથા તાબેઈનના તે અમલોને જોઈએ જે અમુક સહાબીઓથી વર્ણન થયા છે. આ અમલો હઝરત અલી, અબૂહુરૈરહ, અબૂદરદાઅ, સઅદ બિન અબી વક્કાસ, અબૂસઈદ ખુદરી અને અબૂસફિય્યહ રઝિયલ્લાહુ અન્હુથી નકલ થયા છે. તે માંહેના વધુ પૂરતા વર્ણનોની સનદમાં ઝઈફ અને લાપતા રાવીઓ છે.

તેમના મૂકાબલામાં સહાબીઓના એવા કથનો પણ જોવા મળે છે જેમાં કાંકરીઓ અને ગોટલીઓ પર તસ્બીહ ગણવાની મનાઈ કરવામાં આવી છે. મુસન્નફ ઈબ્નેઅબી શૈબહમાં હઝરત ઉમર આઈશાહ અને અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રઝિયલ્લાહુ અન્હુમથી આંગળીઓ સિવાય કોઈપણ વસ્તુ પર તસ્બીહ ગણવાની મનાઈ નકલ થઈ છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રઝિયલ્લાહુ અન્હુથી તો આ બાબત ઉપર

આલોચના અસંખ્ય સનદોથી સાબિત છે. નીચે ટૂંકમાં આવી બે રિવાયતો હવાલા સાથે વર્ણન કરવામાં આવે છે. જેનાથી જાહેર થયું કે તેઓએ વારંવાર અને અસંખ્ય મોકાઓ ઉપર કાંકરીઓ ઉપર તસ્બીહ ગણવા ઉપર સખત ટકોર કરી છે.

૧) મુસન્નફ ઈબ્નેઅબી શૈબહ હદીષ નં. ૭૬૬૭માં છે કે ઈબ્રાહીમ નખઈ ફરમાવે છે કે અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રઝિયલ્લાહુ અન્હુ કોઈ બીજી વસ્તુ ઉપર તસ્બીહ ગણાવને નાપસંદ કરતા હતા અને કહેતા હતા કે શું અલ્લાહને નેકીઓ બનાવીને ઉપકાર જતાવવો જોઈએ?

૨) ઈબ્ને વઝ્ઝાહ કુર્તબી પોતાની કિતાબ અલ્બિદઅ વન્નહય અન્હા ઈબ્ને બેહરામથી નકલ કરે છે કે તેમણે ફરમાવ્યું ઈબ્ને મસ્ઉદ એક ઔરત પાસેથી પસાર થયા જે દાણાઓ ઉપર તસ્બીહ ગણી રહી હતી. તેમણે તેને તોડીને વિખેરી નાખ્યા. પછી એક માણસ પાસેથી પસાર થયા જે કાંકરીઓ ઉપર તસ્બીહ ગણી રહ્યો હતો. તેમણે તેને લાત મારી ફરમાવ્યું, શું તમે સમજો છો કે આ જાલીમ બિદઅત કરી સહાબા

રઝિયલ્લાહુ અન્હુમથી આગળ વધી ગયા અને ઈલ્મમાં તેમનાથી આગળ વધી ગયા?

૩) ઈબ્ને વઝ્ઝાહએ પોતાની કિતાબમાં સૈયાર અબુલહકમથી નકલ કરેલ છે કે અબ્દુલ્લાહ બિન મસ્ઉદને જણાવવામાં આવ્યું કે અમુક લોકો કુફા ખાતે મસ્જિદની અંદર કાંકરીઓ ઉપર તસ્બીહ ગણે છે. તેઓ તેમની પાસે ગયા અને જોયું કે દરેક વ્યકિતએ પોતાની સામે કાંકરીઓનો એક ઢગલો જમા કરી રાખ્યો છે. તેઓએ કાંકરીઓથી તેમને મારવાનું શરૂ કર્યું અને મારતા મારતા તેમને મસ્જિદથી બહાર કાઢી મૂકયા.

સુનન દારમીમાં એક લાંબી રિવાયત છે જેનો ખુલાસો એ છે કે એક વખત અબૂમુસા અશ્અરી રઝિઅલ્લાહુ અન્હુએ ઈબ્ને મસઉદ રજિઅલ્લાહુ અન્હુને બતાવ્યું કે તેમણે હમણા જ મસ્જિદમાં એક વિચિત્ર વસ્તુ જોઈ. તેમણે પૂછ્યું શું હતું? તો કહ્યું કે, મેં મસ્જિદમાં લોકોને જોયા કે તેઓ અલગ અલગ વર્તુળ બનાવીને બેઠા-બેઠા નમાઝની રાહ જોઈ રહ્યા છે. તેમના હાથોમાં કાંકરીઓ છે. દરેક વર્તુળમાં એક માણસ છે. તે તેમને કહે છે સો વખત અલ્લાહુ અકબર કહો. તો તેઓ

કહે છે. પછી તેવી જ રીતે તેમનાથી સો વખત લાઈલાહ ઈલ્લાહુ અને સુબ્હાનલ્લાહ કહેવા માટે કહે છે તો તેઓ એમ જ કરે છે. ઈબ્ને મસ્ઉદ રઝિઅલ્લાહુ અન્હુએ અબૂ મુસા અશ્અરીથી પૂછ્યું તમે તેમને શું કહ્યું ? તેમણે કહ્યું, કે મે આ બાબતમાં તમારા અભિપ્રાયની રાહ જોવામાં તેમનાથી કંઈપણ કહ્યું નહીં. ઈબ્ને મસ્ઉદ રઝિઅલ્લાહુ અન્હુએ કહ્યું તમે તેમને  એમ કેમ ન કહ્યું કે પોતાના ગુનાહ ગણો. હું આ વાતની ખાતરી દઉં છું કે તમારી કોઈ નેકી બરબાદ થશે નહીં. પછી ઈબ્ને મસ્ઉદ રઝિઅલ્લાહુ અન્હુ પોતાના સાથીઓ સાથે તે લોકો પાસે ગયા અને એક વર્તુળ પાસે ઊભા થઈ પૂછ્યું આ તમે શું કરી રહ્યા છો ? તેમણે જવાબ આપ્યો, આ કાંકરીઓ છે અમે તેમના ઉપર તકબીર, તહલીલ, તસ્બીહ ગણી રહ્યા છીએ. ઈબ્ને મસ્ઉદ રઝિઅલ્લાહુ અન્હુએ કહ્યું, તમારા ગુનાહો ગણો, હું આ વાતનો જામીન છું કે તમારી કોઈ નેકી વ્યર્થ થશે નહીં.

અફસોસ મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમના માનનારાઓ ! તમે કેટલી જલ્દી બરબાદીને પહોંચી ગયા. હજુ સહાબાહની વધુ પડતી સંખ્યા હાજર

છે. હજુ રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમના કપડાઓ પણ જૂના નથી થયા. અલ્લાહની કસમ યા તો તમે નબીના બતાડેલા દીનથી વધુ બહેતર દીન પર છો યા તો ગુમરાહીનો દરવાજો ખોલી રહ્યા છો. લોકોએ કહ્યું હઝરત અમે તો નેકીના જ ઈરાદાથી આવું કરી રહ્યા છીએ. તેઓએ ફરમાવ્યું, ઘણાખરા લોકો એવા છે જે નેકીનો વિચાર કરવા છતાં પણ નેકી નથી મેળવતા, રસૂલ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમએ ફરમાવ્યું અમુક લોકો એવા પેદા થશે જે કુર'આન તો પઢશે પરંતુ તે તેમના ગળા નીચે નહીં ઉતરે. અલ્લાહની કસમ મને ઈલ્મ નથી લગભગ તેમાંના ઘણાખરા લોકો તમારી અંદર હોય આ કહી ઈબ્ને મસ્ઉદ જતા રહ્યા. આ હદીષના રાવી અમ્ર બિન સલમહનું કહેવું છે કે નહરવાનની લડાઈમાં આ લોકો હકીકતમાં ખારજીઓ સાથે હતા. અને અમારાથી લડી રહ્યા હતા. હઝરત ઈબ્ને મસ્ઉદથી અસંખ્ય સનદોથી વર્ણન થયેલ આ હદીષ બતાવી રહી છે કે તેમણે ખૂબ જ સખ્તાઈપૂર્વક તે લોકો પર ટકોર કરી હતી જેમણે સુન્નત માન્ય તરીકો મૂકી તસ્બીહ ગણવાનો નવો તરીકો નેકીનું કામ સમજી શોધ કર્યો હતો

અને તેના ઉપર અમલ પણ કરી રહ્યા હતા. તેમજ આ વાત પણ જાહેર થાય છે કે આ બિદઅતના નીકળવા ઉપર ઇબ્ને મસ્ઉદ રઝિઅલ્લાહુ અન્હુ વગેરેએ તેની સખત નોંધ લીધી હતી. જયારે ફકત કાંકરીઓ ઉપર તસ્બીહ ગણવા માટે આટલી સખત આલોચના કરવામાં આવી તો પછી તેમને દોરીઓમાં પરોવી દઈ બિનઈસ્લામી મઝહબોમાં ઉપલબ્ધ માળાઓથી તસ્બીહની તુલના કર્યા બાદ તેનું બિદઅત અને નાફરમાનીનું કૃત્ય હોવું એકદમ સ્પષ્ટ થઈ જાય છે. અલ્લાહ તઆલા સૌને બિદઅતથી બચાવે અને સુન્નત ઉપર અમલ કરવાની પ્રેરણા બક્ષે. આમીન.


# સલફી બુક સ્ટોર

*ગુજરાતી, હિન્દી, ઉર્દુ અને અંગ્રેજી ભાષામાં વિશ્વાસપાત્ર ઈસ્લામી પુસ્તકો મેળવવાનું એકમાત્ર સ્થળ...*

**ચમને ઈસ્લામ, ચસર્રનલ કુર્આન, અમ્મા પારા, કુર્આન, રહેલ અને ઈત્ર પણ મળશે.**

નુરાની હોટલ પાસે, ડાંડા બઝાર, ભુજ-કચ્છ.
મો. : ૮૪૦૧૭ ૮૬૧૭૨

# અપીલ

અલ્હમ્દુલીલ્લાહ, ઈસ્લામિક ઈન્ફર્મેશન સેન્ટર-ભુજની સ્થાપના ૨૦૧૨ ના વર્ષમાં થઇ હતી. તેનો હેતુ અલ્લાહના દીનથી અજાણ લોકો સુધી ઈસ્લામનો સંદેશ પહોંચાડવાનો છે. સંસ્થા દીનની દાવત માટે જે કંઇ કરી રહી છે તેની માહિતી આપ સૌ સુધી પુસ્તકોના માધ્યમથી પહોંચતી રહી છે. આપ જાણો છો કે દીની સાહિત્ય છપાવવા માટે વિશેષ આયોજન અને નાણાકીય ભંડોળની જરૂર રહે છે. આ સંદર્ભમાં આપને તન-મન અને ધનથી સંસ્થાને સહકાર આપવાની નમ્ર અપીલ કરીએ છીએ.

ISLAMIC INFORMATION CENTRE - KUTCH
THE AUTHENTIC ISLAMIC LIBRARY